# <u>પરિપત્ર</u>

આથી સર્વે સ્ટાફ મિત્રોને જણાવવાનુંકે પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, નવસારી દ્વારા રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારીના સેમીનાર હોલમાં એક કાર્યક્રમનું આયોજન તા. ૩૦–૦૭–૨૦૧૨ સોમવારને સવારે ૧૦.૦૦ કલાકે કરવામાં આવ્યું છે. સદર કાર્યક્રમમાં રક્ષાબંધનના પવિત્ર તહેવારનું આધ્યાત્મિક રહસ્ય બ્રહ્માકુમારી બહેનો દ્વારા સમજાવી, પ્રાયોગિક રીતે રક્ષાબંધન કરવામાં આવશે. આ શુભ પ્રસંગે **"શાશ્વત યૌગિક ખેતી"** વિષયને અનુલક્ષી બ્રહ્માકુમારીઝના મુખ્યાલયમાંથી પધારનાર પ્રખર યોગી બ્રહ્માકુમાર રાજુભાઈ વિસ્તારથી પ્રવચન આપશે. શાશ્વત યૌગિક ખેતી માટે કોઈ વિશેષ ખર્ચ કર્યા સિવાય ખેતીનું ઉત્પાદન કેવી રીતે વધારી શકાય તે વૈજ્ઞાનિક પ્રયોગોથી સાબિત થઈ ચૂકયું છે. બ્રહ્માકુમાર રાજુભાઈ આ બાબતમાં નિષ્ણાંત હોય, દેશ વિદેશમાં પણ આ પ્રકારનાં પ્રવચનો આપી ચૂકયા છે. સર્વ કૃષિ ઉદ્યોગ સાથે સંકળાયેલ સ્ટાફ મિત્રોએ આ પ્રવચનનો અવશ્ય લાભ લેવો જોઈએ, જેથી ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપી તૈયાર કરી, ઉત્પાદન વધારી દેશને મદદરૂપ થઈ શકાય. સદર પરિપત્ર માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુંસાર બહાર પાડવામાં આવેલ છે. જે આપ સર્વેની જાણ સારૂ.

તા. ૨૪/ ૦૭/૨૦૧૨
જા. નં. એસીએન/ ડી–૧/રક્ષાબંધન/ / ૨૦૧૨

આચાર્ય
નવસારી કૃષિ યુનિર્વસિટી
નવસારી

(૧) મા. કુલપતિશ્રીનાં રહસ્ય સચિવશ્રી તરફ જાણ થવા સારૂ.
(૨) યુનિટ/સબયુનિટનાં અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારૂ.
(૩) યુનિવર્સિટી ઓફિસર્સશ્રીઓ તરફ જાણ થવા સારૂ.
(૪) તમામ હોસ્ટેલ નોટીસ બોર્ડ પર મુકવા સારૂ
(૫) હોસ્ટેલ રેકટરશ્રીને જાણ થવા તથા અનુસ્નાતક વિદ્યાર્થીઓને કાર્યક્રમમાં હાજર રહેવા સૂચના આપવા બાબત.